પાલનપુર-ડીસા હાઈવે પર આવેલ ડ્યુક પ્લાસ્ટો કંપનીમાં આગ

પાલનપુર અને એચપીસીએલના ફાયરોએ મેળવ્યો આગ પર કાબુ મેળવ્યો

પાલનપુર, તા.૨૫

બનાસકાંઠાના પાલનપુર ડીસા હાઈવે ઉપર આવેલી ડ્યુક પ્લાસ્ટો ફેક્ટરીના કોન્ફરંસ હોલમાં વહેલી સવારે શોર્ટસર્કીટનાથી આગ લાગી હતી.જેથી હોલમાં પડેલ સરસામાન બળીને ખાખ થઈ ગયો હતો.

બનાસકાંઠામાં આગની ઘટનાઓ ચિંતા જનક હદે વધી રહી છે જેમાં બનાસકાંઠાના પાલનપુર-ડીસા હાઈવે ઉપર આવેલ સબમર્શિબલ પમ્પ અને મોટરો બનાવતી ડ્યુક પ્લાસ્ટો ની ફેક્ટરીમાં વહેલી સવારે કોન્ફરંસ હોલમાં સોટ સર્કીટથી આગ લાગી હતી અને જોતજોતામાં આગે વિક્રાળ સ્વરૂપ ધારણ કરી લીધુ હતુ અને કોન્ફરંસ હોલમાં પડેલ ખુરશીઓ, એરકન્ડિશનર, પંખા, હોલની બહાર ડિસ્પ્લે માં મુકાયેલ કંપનીની મોટરો સહીતનો સરસામાન બળીને ખાખ થઈ ગયો હતો.આ ઘટના ની જાણ કંપનીના સ્ટાફને થતા સ્ટાફ દ્વારા પાલનપુર અને ચંડીસર એચ.પી.સી.એલ ના ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી ફાયર ઘટના સ્થળે પહોંચે એ પહેલાં કંપનીના સ્ટાફ દ્વારા કંપનીમાં રાખેલા સેફટીના સાધનો વડે આગ પર કાબુ મેળવવા પ્રયત્ન કર્યો હતો અને બાદમાં બંને ફાયર ફાયટર ઘટના સ્થળે આવી આગ ઉપર પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો.પરંતુ આગ વિક્રાળ હોવાથી હોલમાં પડેલ તમામ સરસામાન બળીને ખાખ થઈ ગયો હતો. આ અંગે કંપનીના કર્મચારી દિનેશભાઈ બારોટે જણાવ્યું હતુંકે આજે વહેલી સવારે છ વાગ્યાની આસપાસ કંપનીમાં આવેલા કોંફરન્સ રૂમમાં શોટ સર્કિટના કારણે આગ લાગી હતી અને તેનું નુકશાન જાણવા મળ્યું નથી પરંતુ રૂમની અંદર પડેલ તમામ સામાન બળીને ખાખ થઈ ગયેલ છે.

કાંકરેજ તાલુકાના ચેખલા ગામના તળાવ ખોદકામમાં ગેરરીતી થઈ હોવાની ફરિયાદ

કાંકરેજ, તા. ૨૫

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકાના ચેખલા ગામમાં તળાવ ખોદકામમાં ભ્રષ્ટાચારના કરાયા આક્ષેપો સરપંચ અને કોન્ટ્રાકટરનું ષડયંત્ર માત્ર તળાવ ઊંડું કરવાનું નાટક ભજવ્યું. સામાન્ય ખોદકામ કરી કોન્ટ્રાકટર રફુચક્કર થઈ ગયો. ખેડૂતોની આશા ઉપર પાણી ફેરવ્યું. સરકારના જળ સંચય અભિયાનના કાંકરેજ તાલુકામા લીરેલીરા ઊડ્યા ચાંગા ગામના તળાવ બાદ હવે ચેખલા ગામનું તળાવનું ખોદ કામ બંધ થતાં ખેડૂતોમાં રોષ જોવા મળ્યો. ચેખલા ગામના જાગ્રુત નાગરીક ઠાકોર કિર્તીજી પ્રહલાદજીએ તંત્ર અને સરપંચ સહીત કોન્ટ્રાકટ ઉપર લગાવ્યા ભ્રષ્ટાચારના આક્ષેપો. સુજલામ સુફલામ યોજના અંતર્ગત કાંકરેજ તાલુકાના પચીસ જેટલા ગામ તળાવો ઉંડા કરવાના હતા. એમાં સિંચાઇના અધિકારીઓની સીધી સંડોવણી બાદ આવી લોકોના પ્રશ્નોના જવાબ આપવા તંત્રના અધિકારીઓ કરે છે. ગલ્લાં તલ્લાં કાંકરેજ ખેડુતોના હાલ-બેહાલ કાંકરેજ તાલુકાના ગામોના તળાવો ઉંડા કરવાના સરકારના જળ સિંચાઈ અભિયાનના લીરે-લીરા ઉડાડતાં તંત્રના અધિકારીઓ અને કોન્ટ્રાકટરો આ તો જુઓ કાંકરેજ ખેડુતો સાથે વિશ્વાસઘાત કે કુણીએ ગોળ. હવે જોવુ એ રહ્યુ કે તંત્ર આની સામે ઝડપી પગલાં ભરી કાર્યવાહી કરે તેવી લોકોની માંગ છે.

કાળઝાળ ગરમીમાં ધોમધખતા તડકામાં શ્રમજીવી બાળકોના છબછબિયાં

અરવલ્લી જીલ્લામાં રીતસરના અગનગોળા વરસી રહ્યા છે ત્યારે ગરમી અને બફારાથી આકુળ વ્યાકુળ થઈ સમસ્ત જીવ સૃષ્ટિ ઠંડકની રાહત મેળવવા માટે વિવિધ પ્રકારના પ્રયાસો કરી રહ્યા છે. શહેરના શ્રીમંત અને મધ્યમવર્ગીય બાળકો સ્વીમીંગપુલ, વોટરપાર્ક, હિલ સ્ટેશન જેવી ઠંડકની જગ્યાઓએ જઈ ઠંડકનો અહેસાસ માણે છે. ત્યારે શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં પેટિયું રળતા શ્રમજીવી પરિવારના બાળકો માટે તો કન્સ્ટ્રક્શન સાઈટો કે કામવાળી જગ્યાએ ભરાતા પાણીના હોજ કે પાણીના ખાબોચિયા જ સ્વિમિંગ પુલ જેવા ધુબા લગાવીનેજ સ્વિમિંગ પુલનો આનંદ માણી લેતા હોય છે. પ્રસ્તુત તસ્વીરમાં ખુલ્લા મેદાનમાં ભરાયેલા પાણીના ખાબોચિયામાં છબછબિયાં કરી તડકામાં ગરમીમાં રાહત મેળવતા અને નિર્દોષ આનંદ મેળવતા શ્રમજીવી પરિવારના બાળકો મસ્તી કરતા નજરે પડે છે.

પાલનપુર ખાતે શહેર યુવા ભાજપ મોરચા દ્વારા છાશ વિતરણનો કાર્યક્રમ યોજાયો

પાલનપુર, તા. ૨૫

પાલનપુર શહેરના ગુરૂનાનક ચોક ખાતે પાલનપુર શહેર યુવા ભાજપ દ્વારા આસપાસના ગામડાઓમાંથી આવતા લોકોને કાળઝાળ ગરમીમાં રાહત મળી રહે તે માટે ઠંડી છાશ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અંદાજે ૫૦૦ લીટર જેટલી છાશનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ પ્રસંગે રાજ્ય સરકારના મંત્રી પરબતભાઈ પટેલ, નગરપાલિકા પ્રમુખ નીલમબેન જાની, શાસક પક્ષના નેતા હસમુખભાઈ પઢીયાર, પાલિકાના ઉપપ્રમુખ અશોકભાઈ ઠાકોર, શહેર ભાજપ પ્રમુખ મુન્નાલાલ ગુપ્તા, શહેર ભાજપ યુવા પ્રમુખ અશોક પટેલ, રાષ્ટ્રીય યુવા મોરચાના કારોબારી સભ્ય હિતેશ ચૌધરી, શહેર મહિલા મોરચાના પ્રમુખ જાગૃતિબેન, યુવા સહિત ભાજપના આગેવાનો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ભિલોડાના ધોલવાણી ત્રણ રસ્તા પાસેથી ૨,૧૬,૦૦૦નો વિદેશી દારૂ ઝડપાયો

કુલ મુદ્દામાલ રૂા.૪,૧૬,૦૦૦ અને એક બુટલેગર ઝડપાયો

ભિલોડા,તા.૨૫

ભિલોડાના હાર્દસમા ધોલવાણી ત્રણ રસ્તા પાસેથી પોલીસ પેટ્રોલીંગ દરમ્યાન ગત રોજ સમી સાંજે પરપ્રાંતિય પાસ પરમીટ વગરનો વિદેશી દારૂ મહિન્દ્રા બોલેરો પીકઅપ ડાલામાં વિદેશી દારૂ વેચાણ અર્થે ભરી લાવી પ્રતિબંધીત એરીયામાં એક બુટલેગર પોલીસ ધ્વારા ઝડપાયો હતો.

ભિલોડાના ધોલવાણી ત્રણ રસ્તા પાસેથી રૂા.૨,૧૬,૦૦૦/-નો વિદેશી દારૂ ઝડપાયો હતો.કુલ મુદ્દામાલ રૂા.૪,૧૬,૦૦૦/-નો સહિત એક બુટલેગર પોલીસ ધ્વારા ઝડપાયો હતો. વિદેશી દારૂની હેરાફેરી કરતા બુટલેગરોમાં ભારે ફફડાટ ફેલાયો હતો. ગુજરાત રાજ્યની સરહદ ઉપર આવેલા ભિલોડા તાલુકાના અંતરીયાળ ડુંગરાળ વિસ્તારના માર્ગો દેશી-વિદેશી દારૂની હેરાફેરી અને વેચાણ કરતા બુટલેગરો માટે સ્વર્ગ સમાન પુરવાર થઈ રહ્યા છે.

ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.આઈ. એમ. આર. સંગાડા, રાઈટર હેડ વિઠ્ઠલભાઈ, ગુણવંતસિંહ, કિર્તીભાઈ સહિત પોલીસના જણાવ્યા મુજબ ગત

રોજ સમી સાંજે પેટ્રોલીંગ દરમ્યાન બાતમીના આધારે વાહન ચેકીંગ દરમ્યાન અમદાવાદના મહંમદ ઈરશાદ ગુલામમયુદીન શેખ પોતાના કબજાની મહિન્દ્રા બોલેરો પીક અપ ડાલા નંબર. જી.જે. ૦૧. ઈ. ટી. ૪૧૭૨ માં પાસ પરમીટ વગરનો પરપ્રાંતિય વિદેશી દારૂની જુદી-જુદી બ્રાન્ડની પેટી નંગ-૪૫ કુલ બોટલ નંગ-૫૪૦ વિદેશી દારૂની અંદાજીત કિંમત રૂા. ૨,૧૬,૦૦૦/- મહિન્દ્રા પીક અપ ડાલાની કિંમત રૂા.૨,૦૦,૦૦૦/- સહિત કુલ મુદ્દામાલ રૂા. ૪,૧૬,૦૦૦/-નો પોલીસ ધ્વારા કબજે લેવાયો હતો.વિદેશી દારૂની હેરાફેરી કરતો અમદાવાદનો રહેવાસી બુટલેગર મહંમદ ઈરશાદ ગુલામમયુદીન શેખ વિદેશી દારૂની હેરાફેરી કરતા બુટલેગરને પોલીસએ જલના હવાલે કર્યો હતો. ભિલોડા પોલીસએ પ્રોહિબીશન એક્ટ મુજબ વિદેશી દારૂની હેરાફેરી સંદર્ભે અમદાવાદનો રહેવાસી બુટલેગર મહંમદ ઈરશાદ ગુલામમયુદીન શેખ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અરવલ્લી જીલ્લામાં ટેકાના ભાવે ઘઉંની ખરીદી બાદ નાણા ચુકવવામાં સરકારની ઉદાસીનતા

મોડાસા, તા. ૨૫

અરવલ્લી જીલ્લા ખેડૂત સમાજના પ્રમુખ નિકુલ પટેલ એક નિવેદનમાં જણાવે છે કે-ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળી રહે તે હેતુથી સરકારે ટેકાના ભાવથી ઘઉંની ખરીદી કરવાની કામગીરી હાથ ધરી હતી. ત્યારે અરવલ્લી જીલ્લામાં ખેડૂતોએ મહા મહેનતે પકવેલા ઘઉંનો પાક ટેકાના ભાવે વેચ્યો હતો. જોકે પોષણક્ષમ ભાવ લેવા જતા ખેડૂતોને રાતા પાણીએ રોવાની ફરજ પડી છે. કારણકે ટેકાના ભાવે વેચવા માટે ખેડૂતોએ અપાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. અરવલ્લી ખેડૂત સમાજ પ્રમુખ નીકુલ પટેલના જણાવ્યા મુજબ રાજ્ય સરકારે ટેકાના ભાવે ઘઉંની ખરીદી કરવાનું શરુ કર્યું છે, પરંતુ ખરીદી બાદ તેના નાંણા ચુકવવામાં સરકાર ઉદાસીન જોવા મળી રહી છે. જેને કારણે પોતાનો માલ વેચ્યા બાદ પણ પૈસા ન મળતા ખેડૂતો આર્થીક મુશ્કેલી ભોગવી રહ્યા છે. ત્યારે સરકાર પૈસા ન આપીને રીતસરનું ખેડૂતોનું શોષણ કરી રહી છે.

૧૫ માર્ચ ૨૦૧૮ના રોજથી સરકારે અરવલ્લી જીલ્લામાં વિવિધ સેન્ટરો પરથી ઘઉંની ખરીદી કરવાનું શરુ કર્યું હતું અને ૩૦ મેં સુધી ખરીદી ચાલવાની છે. પ્રતિ એક મણના રૂપિયા ૩૪૭ના ટેકાના ભાવથી ઘઉંની ખરીદી હાથ ધરવામાં આવી હતી. ત્યારે અરવલ્લી ખેડૂત સમાજ પ્રમુખ નીકુલ પટેલ દ્વારા જવાબદાર અધિકારી સાથે ટેલીફોનીક વાત કરતા જાણવા મળ્યું હતું કે અત્યાર સુધીમાં અરવલ્લી જીલ્લામાં કુલ ૭૭,૯૬૨.૮૭ ક્વિન્ટલ ઘઉંની ખરીદી કરવામાં આવી છે. જે મુજબ સરકારે ખેડૂતોને કુલ ૧૩,૫૨,૬૫,૫૭૯ રૂપિયા ચૂકવવાના થાય છે. પરંતુ હાલ મે માસ પૂર્ણ થવા આવ્યો પરંતુ હજી સુધી સરકાર ખેડૂતોને વેચાણના ૧૧ અપ્રિલ સુધીના જ નાંણા ચૂકવી શકી છે. જેમાં સરકારે હજી માત્ર અંદાજીત ૪ કરોડ જેટલું જ ચુકવણું જ કર્યું છે. આમ જોઈએ તો રૂપિયા લગભગ ૯ કરોડથી વધુની રકમ ખેડૂતોને ચુકવવાનું બાકી છે. આ પ્રકારે સરકારે ખરીદી તો કરી પરંતુ હવે તેનું ચુકવણું કરવામાં સરકાર વાયદા કરી રહી છે. જેથી ખેડૂતો છેતરાયા હોવાનો અહેસાસ કરી રહ્યા છે. એક તરફ ખેડૂતોને પોતાના જ વેચેલા માલના નાંણા ન મળતા હવે ખેડૂતોને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે. કારણકે સામાજિક પ્રસંગોમાં ખેડૂતો તકલીફ ભોગવી રહ્યા છે. તો વળી સામે ચોમાસું પણ નજીક છે, ત્યારે ખેડૂતોને ખાતર, દવા તેમજ બિયારણ વગેરેની ખરીદી પણ કરવાની હોય છે, ને તેમ છતાં પોતાના જ પૈસા પોતાને ન મળતા ખેડૂતો મુઝવણમાં મુકાયા છે.

ભિલોડાના નવા ભવનાથ વિસ્તારમાંથી ઘર આંગણે પાર્ક કરેલું બાઈક ચોરાયું

ભિલોડા,તા.૨૫

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતેના નવા ભવનાથ વિસ્તારમાંથી રાવલ ફળીમાં ઘર આંગણે પાર્ક કરેલું બાઈક મધ્યરાત્રે ચોરાયું છે.ભિલોડા તાલુકામાં દિન-પ્રતિ-દિન બાઈકોની ચોરીઓનો સીલસીલો અવિરત રહેતાં બાઈક ધારકોમાં ભારે ફફડાટ ફેલાયો છે. પોલીસ ધ્વારા નાઈટ પેટ્રોલીંગ વધારવાની તાતી જરૂરીયાત છે.

ભિલોડાના નવા ભવનાથ વિસ્તારમાં રાવલ ફળીના રહેવાસી યજ્ઞેશભાઈ હરગોવિંદભાઈ રાવલના ઘર આંગણે પાર્ક કરેલુ બજાજ પલ્સર આર. એસ. મોડલ રેસર બાઈક કાળા કલરનું બાઈક નંબર.જી.જે.૩૧.બી.૨૧૨૬ મધ્યરાત્રે અજાણ્યા ચોર ઈસમો ચોરી કરી પલાયન થઈ ગયા હતા.બજાજ પલ્સર આર.એસ. મોડલ રેસર બાઈકની અંદાજીત કિંમત રૂા.૭૫,૦૦૦/- હોવાનું અનુમાન છે. ભિલોડાના નવા ભવનાથ વિસ્તારના રહેવાસી યજ્ઞેશભાઈ હરગોવિંદભાઈ રાવલએ બાઈક ચોરી સંદર્ભે પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ અરજી આપતાં પોલીસએ તપાસના ચક્રો ગતિમાન કર્યા હોવાનું જાણવા મળેલ છે.

મોડાસાના હજીરા વિસ્તારમાં બેલીઝા કોસ્મેટીક ફેક્ટરીમાં ભીષણ આગ

બે ફાયર ફાયટરની ટીમ ઘટનાસ્થળે પહોંચી આગ પર કાબુ મેળવવા પ્રયત્ન

મોડાસા, તા. ૨૫

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના હજીરા વિસ્તારમાં આવેલી શામળાજી રોડ પર સૌંદર્ય પ્રસાધન બનાવતી ફેક્ટરીમાં અગમ્ય કારણોસર આગ ભભૂકી ઉઠી ભયાનક સ્વરૂપ ધારણ કરતા ફેક્ટરીમાં રહેલો લાખ્ખો રૂપિયાનો માલ-સમાન બળીને ખાખ થઈ ગયો હતો. મોડાસા ફાયર બ્રિગેડની ટીમ ૨ ફાયર ફાયટર સાથે ઘટનાસ્થળે પહોંચી ભીષણ આગ પર પાણીનો મારો ચલાવી કાબુ મેળવવા પ્રયત્નો હાથ ધર્યા હતા.

મોડાસા શહેરના શામળાજી રોડ પર આવેલી બેલીઝા કોસ્મેટીક નામની ફેક્ટરીમાં ગુરુવારે બપોરના સુમારે અગમ્ય કારણોસર ભીષણ આગ ફાટી નીકળતા ભારે અફડાતફડી મચી હતી. ઓફિસમાં રહેલા સીસીટીવી કેમેરામાં ફેક્ટરીમાં લાગેલી ભયાનક આગ લાગી હોવાનું જાણ થતા મોડાસા

ફાયર ફાયટરને જાણ કરતા ૨ ફાયર ફાયટર સાથે ફાયરબ્રિગેડની ટીમ પહોંચી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવવા પ્રયત્નો હાથધર્યા હતા. સદનસીબે જાનહાની ટળતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

બેલીઝા કોસ્મેટીક વીરલ અમૃતભાઈ પટેલની માલિકીની હોવાની અને ફેક્ટરીમાં નેઈલ પોલીસ, લિપસ્ટિક, આઈ લાઈનર, મસ્કરા, કોમ્પેક્ટ પાવડર સહીત સૌંદર્ય પ્રસાધનની વિવિધ આઈટમોનું નિર્માણ કરવામાં આવે છે અને ફેક્ટરીમાં રહેલા લાખ્ખો રૂપિયાનો માલસામાન બળીને ખાખ થઈ ગયો હોવાની માહિતિ પ્રાપ્ત થઈ હતી.

મોડાસા શહેરમાં બિલ્ડર્સે હવાઈ જહાજ પ્રતિકૃતિ બનાવતા બાળકોમાં આનંદ

મોડાસા શહેરમાં દેવરાજ ધામ નજીક જાણીતા બિલ્ડર્સ કમલેશ પટેલ દ્વારા નવીન રહેણાંક સ્કીમ દેવાયતનગર બંગ્લોઝ રહેણાંક સ્કીમના પ્રમોટ માટે રૂપિયા દોઢ લાખના ખર્ચે કાપડ, થર્મોકોલ, લાકડા અને એકેલિકનું મટેરીયલ વાપરી ઉભા કરાયેલ હવાઈ જહાજ જિલ્લાના પ્રજાજનો અને બાળકોમાં ભારે કુતુહુલ સર્જ્યું છે. મોડાસા શહેરના બાળકો હવાઈ જહાજમાં બેસવાનો લુપ્ત ઉઠાવી રહ્યા છે. સાંજના સુમારે મોટી સંખ્યામાં બાળકો ઉમટી પડે છે.

અરવલ્લી જિલ્લા ભાજપની બેઠક યોજાઈ

મોડાસા, તા. ૨૫

અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન ટીમ સાથે ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ જીતુભાઈ વાઘાણીએ મોડાસા ખાતે બેઠક યોજી હતી. જેમાં જિલ્લામાંથી સંગઠનના અપેક્ષિત કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્રારંભે જિલ્લા ભાજપ પ્રમુખ રણવીસિંહ ડાભીએ પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીનું સાફો પહેરાવીને સ્વાગત કર્યું હતું. મોડાસા બ્રાઈટ જુનિયર સાયન્સ સ્કૂલમાં યોજાયેલી સંગઠનની આ બેઠકમાં પ્રદેશ મહામંત્રી કે.સી. પટેલે આગામી ૨૬મી મે.૧૮થી લઈ ૧૧મી જૂન સુધી પક્ષના વિવિધ કાર્યક્રમો અંગે વિગતો આપી હતી અને જિલ્લાના હોદ્દેદારો તથા તમામ મંડલ અને મોરચાના હોદ્દેદારો તમામ મંડલ પ્રભારીના રીવ્યુ લેવામાં આવ્યા હતા.

કંબોઈથી ફતેગઢ રોડ પરથી અજાણ્યા બિનવારસી યુવાનનો મૃતદેહ મળ્યો

કંબોઈ, તા. ૨૫

આજરોજ કાંકરેજ તાલુકાના કંબોઈથી ફતેગઢ જતા રોડ પર કંબોઈના મહાદેવ મંદિર પાસે એક અજાણ્યો યુવાન રોડ પર મૃત્યુ પામેલ હાલતમા પડેલ હતો, ત્યારે સવારે લોકોની અવરજવર થતા રોડ પર મૃત્યુ પામેલ યુવાન પડેલો હતો અને તે ઉલટી પણ કરેલ હતી.

ત્યાર પછી કોઈકે શિહોરી પોલીસને જાણ કરતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી તપાસ કરી, યુવાનના ખીચા તપાસતા મૃત યુવાનના પોલીસે ખીચા તપાસતા મૃત્યુ પામેલ યુવાનના પેન્ટના ખીચામાથી મોબાઈલ ફોન મળ્યો હતો અને ફોનમા રહેલ નંબરથી તપાસ કરતા મૃત્યુ પામેલ યુવાન કાંકરેજ તાલુકાના નાથપુરા ગામનો હોવાનું જાણવા મળેલ. તેનું નામ મધુભાઈ મગનભાઈ સુથાર ઉ.વ. ૨૦ હોવાનું જાણવા મળતા મોબાઈલ ફોન નંબરના આધારે નાથપુરા તેના વાલીઓને જાણ કરી હતી અને તેના વાલીઓ તાત્કાલિક ઘટનાસ્થળે આવી મૃતદેહને પીએમ માટે શિહોરી રેફરલ હોસ્પિટલ ખાતે લાઈ જવામાં આવી હતી. ત્યારે શિહોરી પોલીસે અકસ્માતનો ગુનો નોંધી આગળની તપાસ કરી રહીશે અને લાશને વાલી વારસોની સોંપી દીધી હતી. શિહોરી રેફરલ હોસ્પિટલ ખાતે પીએમ કરવા માટે લવાયો હતો. મૃતક યુવાન અસ્થિર મગજનો હોવાની તેના પરિવારજનોમા ચર્ચાતી વાતો પરથી જાણવા મળ્યુ હતુ.

ધાનેરા તાલુકા પંચાયતનાં ટીડીઓની ઉત્તમ કામગીરીથી નાગરિકો ખુશ

ધાનેરા, તા.૨૫

ધાનેરા તાલુકા નાં થાવર

ગામનાં વતની અને વર્ષોથી ધાનેરા ખાતે નોકરી પર ફરજ બજાવતાં શ્રી મફતલાલ જોષી પોતાની નોકરી દરમ્યાન લોકોનાં સારા કામો કર્યા છે અને સરકારશ્રીનાં નિયમો અને યોજનાઓની પણ સારી કામગીરી થયેલ છે વિધવાં બહેનોનાં ગરીબ લોકોનાં કામો પર વધુ ધ્યાન આપી કોઇને તેમની ફરીયાદ કરવાનો ચાન્સ આપેલ નથી એવા શ્રી મફતલાલ જોષી અત્યારે ટી.ડી.ઓ. તરીકે ફરજ બજાવી રહ્યા છે.

લોકોનાં દિલમાં વસનારા ટી.ડી.ઓ.ની કામગીરીથી નાગરિકો ખુશ છે સરકારશ્રીની જળસંચય યોજનાં શૌચાલયો બાંધકામ રોડ-રસ્તા વગેરે પર સારી કામગીરી કરી પોતાની સેવા પરની જવાબદારી નિષ્ઠા પૂર્વક બજાવી રહ્યા છે.

મોડાસામાં અંડર-૧૩ ચેસ ટુર્નામેન્ટ યોજાઈ

મોડાસા, તા. ૨૫

અરવલ્લી જીલ્લાના મોડાસામાં મોડાસા ચેસ એકેડમી દ્વારા ચેસ કોમ્પિટિસનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં મોડાસા શહેરના ૪૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. ૨૦૧૦માં વિશ્વ રેકોર્ડ બાદ ચેસ રમત પ્રત્યે લોકો આકર્ષાયા છે. ત્યારે અરવલ્લી જિલ્લામાં પણ તેની ચાહના વધે અને વધુમાં વધુ બાળકો ચેસ રમત રમતા થાય તેવા આશયથી આ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અંડર ૧૩થી અંડર ૧૭ સુધીના સ્પર્ધકોએ ભાગ લીધો હતો તથા અંડર ૧૩ના સ્પર્ધકોમાંથી વિજેતા બનેલા નીલ પટેલ, ક્રેયા શાહ,



હરિ પટેલ નામના ખેલાડીઓ કર્ણાવતી કલબમાં યોજાનાર ટુર્નામેન્ટમાં અરવલ્લી જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. ચેસનો વ્યાપ વધારવા પાછળનો હેતુ એ છે કે આ રમત રમતા બાળકોની એકાગ્રતા સુધરે છે અને બાળકો અભ્યાસમાં પણ હોશિયાર બને છે. સમગ્ર ટુર્નામેન્ટનું આયોજન ચેસ એકેડમીના ભાવેશ પટેલ, ડો. કૃપેશ પટેલ અને તેમની ટીમે સફળ બનાવી હતી.